PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U49102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/કવા–૦૩/૧૬–૧૭/ ૪૨૭ તા. ૧૨/૦૪/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સલીમભાઈ નુરમામદ બેલીમ,
C/O, યાદવ ગોપાલરામ હમારામ,
સાકાર એપાર્ટમેન્ટ, બ્લોક નં.: ૪૦૨
દોલતપરા
જુનાગઢ
મો: ૯૮૨૪૧ ૬૩૯૬૫ , ૯૮૨૪૧ ૬૩૯૬૫

**વિષય :–ઔદ્યોગીક વીજજોડાણ મા ઓડિટ રીકવરી બીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૭/કવા–૦૩/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૭/ક્વા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૧૦–૦૧–૧૭ સ્થળ :જુનાગઢ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: સલીમભાઈ નુરમામદ બેલીમ,ગામ: બામણગામ,

રજુઆત કરનાર : અરજદાર શ્રી ની જગ્યા ના ભાડુઆત ગોપાલરામ હેમારામ યાદવ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)

રજુઆત કરનાર :એલ.કે.પરમાર, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

## : હુકમ :

### ફરીયાદ : ઓદ્યોગીક વીજજોડણ મા ઓડિટ રીકવરી બીલ બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ને, તેમના જોડાણ નં.: ૩૬૧૧૧/૦૦૨૭૪/૦ નુ મીટર બદલાવ્યા પછી, પીજીવીસીએલ તરફથી, ઓડિટ રીકવરી ના અનુસંધાને, રૂ.૬૭,૦૪૩/– નુ પુરવણીબીલ અપાયેલ છે. સંદર પુરવણીબીલ ની રકમ વાંધા સાથે તેઓએ તા.૨૨–૧૨–૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, સદર વીજબીલ ને પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી મુજબ ના ધોરણે, ન્યાયિક રીતે મુલવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ અને મૌખીક ચર્ચા, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના જોડાણ નં.: ૩૬૧૧૧/૦૦૨૭૪/૦ નુ મીટર, જે માહે જુલાઈ–૧૫ ના બીલીંગ સમયગાળા દરમ્યાન, ક્ષતિગ્રસ્ત જણાયેલ હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી એ, સદર મીટર બદલાવવા માટે ની, ચકાસણી ફી રૂ.૩૪૦/– જે તા.૨૮–૦૭–૧૫ ના રોજ ભરપાઈ કરેલ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી ફરીયાદી અરજદાર શ્રી નુ સદર એલએન્ડટી કંપની નુ મીટર નંબર: ૦૬૫૭૬૪૩૭, જે પર્ફોમા –૧૫ નંબર: ૪૪૫૮ તા.૨૯–૦૭–૧૫ થી, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, મીટર મા ''ડિસ્પ્લે ઓફ '' જણાયેલ હોય, મીટર મા અવાચ્ય રીડીંગ હતા. તેમજ, આ દિવસે એટલેકે તા.૨૯–૦૭–૧૫ ના રોજ નવુ સીકયોર કંપની નુ મીટર નં: પીજી૧૧૫૭૬૬, જે શરૂઆતના '' ૦ '' રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ એલએન્ડટી કંપની ના મીટર નંબર: ૦૬૫૭૬૪૩૭, જે તા.૧૪–૦૮–૧૫ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન '' સદર મીટર બળેલ '' હોવાની બાબત સ્પષ્ટ થયેલ હતી. તેમજ, મીટર મા છેલ્લા રીડીંગ તેમજ એમ.આર.આઈ. પણ ડાઉનલોડ થઈ શકેલ ન હતો. આમ, પીજીવીસીએલ કક્ષાએથી સદર મીટર ને ક્ષતિગ્રસ્ત જાહેર કરેલ હતુ. |
| ૨.૩ | ઉપરોકત મુદદા નં. .૨.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ, સવાલવાળુ જુનુ એલએન્ડટી કંપની ના મીટર નંબર: ૦૬૫૭૬૪૩૭ , જે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના, સ્થળ પર ના હૈયાતી ના સમયગાળા માટે નુ બીલીંગ, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' મીટર ખરેખર ચાલુ હોય તે સમયગાળા ના, અગાઉ ના ૦૩ માસ ના બીલીંગ પીરીયડ દરમ્યાન, મીટર મા નોંધાયેલ વાસ્તવિક યુનીટ મુજબ અપાયેલ, નિયમીત વીજબીલો ના યુનીટ અન્વયે – પ્રતિ બીલીંગ દરમ્યાન સ્થાપિત થયેલ સરેરાશ યુનીટ મુજબ'' બીલીંગ કરવાનુ ધોરણ પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન છે. |

**૨.૪** ઉપરોક્ત મુદ્દા નં.૨.૩ મુજબ ની વિગતે નુ સદર ક્ષતિગ્રસ્ત મીટર,જે અરજદાર શ્રી ના જોડાણ પર, અગાઉ માહે ઓગષ્ટ–૧૫ ના સમયગાળા દરમ્યાનના કુલ ૧૬ દિવસ ( તા.૧૩–૦૭–૧૫ થી તા.૨૮–૦૭–૧૫ સુધી ના – ૧૬ દિવસો ) હૈયાત હતુ. જયારે, નવુ મીટર, માહે ઓગષ્ટ–૧૫ ના સમયગાળા દરમ્યાનના કુલ ૧૬ દિવસ ( તા.૨૯–૦૭–૧૫ થી તા.૧૨–૦૮–૧૫ સુધી ના – ૧૬ દિવસો ) હૈયાત હતુ. પરંતુ, અરજદાર શ્રી ને, માહે ઓગષ્ટ–૧૫ નુ બીલ, જે – માત્ર, નવા મીટર મા, ૧૬ દિવસો દરમ્યાન નોંધાયેલ એવા માત્ર ૭૭૮૨ યુનીટ નુ જ અપાયેલ હતુ. જયારે, માહે ઓગષ્ટ–૧૫ ના બીલીગ સમયગાળા ના, કુલ ૧૬ દિવસ ( તા.૧૩–૦૭–૧૫ થી તા.૨૮–૦૭–૧૫ સુધી ના – ૧૬ દિવસો ) દરમ્યાન જુનુ ક્ષતિગ્રસ્ત મીટર હૈયાત હોય, તેમા યુનીટ રીડીગ અવાચ્ય હોવાના કારણોસર, માહે ઓગષ્ટ–૧૫ ના સમયગાળા ના, કુલ ૩૧ દિવસો માહેના, સદર ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા ના ૧૬ દિવસ નુ બીલીગ, જે – જોડાણ મા પ્રસ્થાપિત થયેલ પ્રતિ બીલીગ સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ ના ધોરણે કરવા પાત્ર હોવા છતા – તે સમયે સબંધક કચેરી તરફથી, સદર ૧૬ દિવસ ના સરેરાશ યુનીટ ની ગણતરીએ થતા યુનીટ, અને નવા મીટર મા ખરેખર વીજવપરાશી થયેલ યુનીટ – એમ જુના મીટર તેમજ નવા મીટર મા – બીલીગ કરવા પાત્ર યુનીટ મુજબ નુ બીલીગ થયેલ ન હતુ. પરંતુ, માહે ઓગષ્ટ–૧૫ ના સમયગાળા ના નવા મીટર મા નોંધાયેલ, ૭૭૮૨ યુનીટ મુજબ નુ જ બીલીગ થયેલ હતુ. સબંધક કચેરી ની સદર ભુલ, જે ઓડિટ ટીમ ને ધ્યાને આવેલ હતી. અને તે અન્વયે, ઓડિટ ટીમ દ્વારા ભુલ સુધારણા ના ભાગરૂપ, અરજદાર શ્રી ના જોડાણ મા, જુના મીટર ની હૈયાતી ના કુલ ૧૬ દિવસ ની, બીલીગ સરેરાશી યુનીટ મુજબ નુ બીલીગ કરવાની દરખાસ્ત થયેલ હતી. જે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હતી.

**૨.૫** આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ કક્ષાની બીલીગ ભુલ સુધારણા ના ભાગરૂપ, ઓડિટ ટીમ દ્વારા સુચવવામા આવેલ ધોરણે ( એટલેકે – મુદ્દા નં. ૨.૩ મા દર્શાવેલ – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ, ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ બીલીગ – જે '' મીટર ખરેખર ચાલુ હોય તે સમયગાળા ના, અગાઉ ના ૦૩ માસ ના બીલીગ પીરીયડ દરમ્યાન, મીટર મા નોંધાયેલ વાસ્તવિક યુનીટ મુજબ અપાયેલ, નિયમીત વીજબીલો ના યુનીટ અન્વયે – પ્રતિ બીલીગ દરમ્યાન સ્થાપિત થયેલ સરેરાશ યુનીટ મુજબ'' બીલીગ કરવાના ધોરણે) ફરીયાદી અરજદાર શ્રી ને અગાઉ અપાયેલ સવાલવાળુ, માહે ઓગષ્ટ–૧૫ નુ , ૭૭૮૨ યુનીટ નુ બીલ – જે જોડાણ મા પ્રસ્થાપિત થયેલ, મીટર ખરેખર ચાલુ હોય તેવા અગાઉ ના ૦૩ વીજબીલો મા સ્થપાયેલ પ્રતિમાસ સરેરાશ બીલીગ વીજવપરાશી યુનીટ ((૧) મે–૧૫ ના ૧૯,૩૨૦ યુનીટ (૨) જુન–૧૫ ના ૧૫,૮૮૫ યુનીટ (૩) માહે જુલાઈ–૧૫ ના ૧૮,૦૧૭ યુનીટ = સદર કુલ ૦૩ માસ ના કુલ ૫૩,૨૨૨ યુનીટ – જે ૫૩,૨૨૨ યુનીટ ÷ ૦૩ બીલીગ = ૧૭૭૪૧ યુનીટ – જે, જોડાણ મા સ્થાપાયેલ પ્રતિ બીલીગ સરેરાશ ૧૭૭૪૧ યુનીટ ) ૧૭૭૪૧ યુનીટ ના ધોરણે, રીવાઇઝ કરવાની કામગીરી થયેલ છે. આ રીવીઝન મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને, ક્ષતિગ્રસ્ત મીટર સમયગાળા દરમ્યાન નુ, અગાઉ અપાયેલ માહે ઓગષ્ટ–૧૫ નુ , ૧૭૭૪૧ યુનીટ નુ વીજબીલ આપવાની બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. આમ, અરજદાર શ્રી ને અગાઉ માહે ઓગષ્ટ–૧૫ નુ બીલ, જે ૧૭૭૪૧ ને બદલે ૭,૭૮૨ યુનીટ નુ અપાયેલ હોય, તફાવતીય ૯૯૫૯ યુનીટ ( ૧૭૭૪૧ યુનીટ – ૭,૭૮૨ યુનીટ= ૯૯૫૯ યુનીટ) ની ગણતરીએ થતી, રકમ રૂ.૬૭,૦૪૩/૯૮ નુ, જે સવાલવાળુ પુરવણી બીલ અપાયેલ છે. તે વીજબીલ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા ને આનુષાંગીક રહેતા, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. ફરીયાદી અરજદાર શ્રી એ સદર વીજબીલ ની રકમ વાંધા સાથે પીજીવીસીએલ મા તા.૨૨–૧૨–૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ છે.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો અને મૌખીક ચર્ચા, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ ના સવાલવાળા એલએન્ડટી કંપની ના મીટર નંબરઃ ૦૬૫૭૬૪૩૭ ના, માહે ઓગષ્ટ–૧૫ ના બીલીગ સમયગાળા દરમ્યાન, મીટર ના રીડીગ અવાચ્ય જણાયેલ હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી એ, સદર ક્ષતિગ્રસ્ત મીટર ને બદલાવવા માટેની, તા.૨૮–૦૭–૧૫ ના રોજ, નિયત નોંધણીચાર્જ ભરપાઈ કરીને પીજીવીસીએલ મા અરજી આપેલ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, સદર સવાલવાળુ મીટર સ્થળ પરથી ઉતારી અને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચેકીગ દરમ્યાન સદર મીટર ક્ષતિગ્રસ્ત ( બળી ગયેલ ) જાહેર થયેલ હતુ. ક્ષતિગ્રસ્ત મીટર ના, સ્થળ પર ના હૈયાતી ના સમયગાળા માટે નુ બીલીગ, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' મીટર ખરેખર ચાલુ હોય તે સમયગાળા ના, અગાઉ ના ૦૩ માસ ના બીલીગ પીરીયડ દરમ્યાન, મીટર મા નોંધાયેલ વાસ્તવિક યુનીટ મુજબ અપાયેલ, નિયમીત વીજબીલો ના યુનીટ અન્વયે – પ્રતિ બીલીગ દરમ્યાન સ્થાપિત થયેલ સરેરાશ યુનીટ મુજબ'' બીલીગ કરવાનુ ધોરણ પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન હોવા છતા, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, માહે ઓગષ્ટ–૧૫ ના ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ બીલીગ, આ મુજબ થયેલ ન હતુ.

| | |
|---|---|
| **<u>૩.૨</u>** | જેથી, માહે ઓગષ્ટ–૧૫ નુ અગાઉ નુ વીજબીલ, જે ઓડિટ ચકાસણી અન્વયે ની દરખાસ્ત ના અનુસંધાને, રીકવરી બીલ ભુલ સુધારણા ના ભાગરૂપ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અગાઉ અપાયેલ માહે ઓગષ્ટ–૧૫ નુ વીજબીલ રીવાઇઝ કરવાની બાબત, જે પીજીવીસીએલ પક્ષકાર ને નિયમાધીન જણાયેલ હતી. જેને આનુષાંગીક રહીને પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૫ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે ઓગષ્ટ–૧૫ નુ વીજબીલ, જે જોડાણ મા સ્થપાયેલ ૧૭૭૪૧ યુનીટ ના ધોરણે, રીવાઇઝ કરવાની કાર્યવાહી થયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર ની સદર કાર્યવાહી, ફોરમ કમિટી, નિયમાધીન યોગ્ય ઠેરવે છે. |
| **<u>૩.૩</u>** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ની રીવીઝન ની કાર્યવાહી અંતર્ગત, અરજદાર શ્રી ને અગાઉ માહે ઓગષ્ટ–૧૫ નુ બીલ, જે ૧૭૭૪૧ ને બદલે ૭,૭૮૨ યુનીટ નુ અપાયેલ હોય – જેથી, તફાવતીય ૯૯૫૯ યુનીટ ( ૧૭૭૪૧ યુનીટ – ૭,૭૮૨ યુનીટ= ૯૯૫૯ યુનીટ) ની ગણતરીએ થતી, રકમ રૂ.૬૭,૦૪૩/૯૮ નુ, જે સવાલવાળુ પુરવણી બીલ, જે ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ છે. તે વીજબીલ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા ને આનુષાંગીક રહેતા, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. તે મુજબ નો સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, પીજીવીસીએલ તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને, માહે ઓગષ્ટ–૧૫ ના અગાઉ ના બીલ ની રીવાઇઝ ગણતરીએ થતા તફાવતીય ૯૯૫૯ યુનીટ ની ગણતરીએ થતી, કુલ રકમ રૂ.૬૭,૦૪૩/૯૮ નુ, જે સવાલવાળુ પુરવણી બીલ – જે ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ છે. તે વીજબીલ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા અન્વયે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ ની જાણકારી આપવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**<u>નોંધ</u>** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર,** "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..